# 1 ભારતનું વસ્તી–વૈવિધ્ય અને રાષ્ટ્રીય એકતા

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, ધોરણ-11ના પાઠ્યપુસ્તકમાં તમે સમાજશાસ્ત્ર વિષયનો પ્રારંભિક પરિચય મેળવ્યો. આપ સૌને હવે એ સમજ પ્રાપ્ત થઈ ગઈ હશે કે ભારતીય સમાજને સમજવા માટે ભારતની વસ્તીનું બંધારણ જાણવું કેટલું જરૂરી છે. વળી, ભારતીય સમાજને સમજવા માટે વિવિધ સામાજિક સંસ્થાઓને જાણવી પણ એટલી જ જરૂરી છે. આ બધી સંસ્થાઓ જુદી-જુદી હોવા છતાં પરસ્પર ગાઢ રીતે સંકળાયેલી છે, જે ભારતીય સમાજનું આગવું લક્ષણ છે.

વિદ્યાર્થીમિત્રો, તમારા વર્ગખંડમાં જો તમે અવલોકન કરશો તો તમને દરેક વિદ્યાર્થી જુદા જુદા ધર્મ અને જ્ઞાતિના હોવાનું માલૂમ પડશે. આવું ધાર્મિક અને જ્ઞાતિનું વૈવિધ્ય હોવા છતાં ભારત એક અખંડિત રાષ્ટ્ર છે.

ભારતીય સમાજમાં પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ એ દરેક વિભાગમાં લોકોની રહેણીકરણી, જીવનશૈલી, પહેરવેશ, આર્થિક પ્રવૃત્તિ, રિવાજો, ઉત્સવો, તહેવારો, ભાષા, તીર્થધામ વગેરેમાં અનેક પ્રકારનું સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે. આ સાંસ્કૃતિક વૈવિધ્ય અને વારસો આપણને ભારતના નાગરિક હોવાનું ગૌરવ અપાવે છે. આપણે આ બધી બાબતને આ પ્રકરણમાં સમજવાનો પ્રયત્ન કરીશું.

સૌ પ્રથમ આપણે વસ્તીના અર્થ અને વૈવિધ્યને સમજીએ.

**વસ્તીનો અર્થ**

સમાજના સાતત્ય માટે માનવ વસ્તી જરૂરી છે. સમાજમાં વ્યક્તિઓની સંખ્યા એટલે કે જનસંખ્યાને માનવ વસ્તી કહેવાય. વસ્તી વિનાનો સમાજ ન હોઈ શકે. સમાજે પોતાનું અસ્તિત્વ અને સાતત્ય ટકાવી રાખવા માટે વસ્તીની જાળવણી કરવી અનિવાર્ય છે. વસ્તીની જાળવણી એ સમાજની પ્રાથમિક અને સાર્વત્રિક સામાજિક જરૂરિયાત છે. જન્મ, મૃત્યુ અને સ્થળાંતર પર વસ્તીનું કદ નિર્ભર છે. વસ્તીનું કદ અને બંધારણ સમાજ પર અસર કરે છે. વસ્તીના બંધારણને વસ્તીનું માળખું પણ કહે છે. જેમાં વયજૂથ, લિંગપ્રમાણ, ગ્રામીણ-શહેરી તફાવતો, સાક્ષરતા વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. ધર્મ, ભાષા, જાતિગત સ્તરરચના વગેરે આધારિત વસ્તીવિષયક આંકડા સમાજજીવનને અસર કરે છે. વસ્તી અને સમાજ પારસ્પરિક રીતે સંબંધિત છે.

**વસ્તીમાં વૈવિધ્ય**

કોઈ પણ દેશ કે સમાજમાં વસ્તીનું વૈવિધ્ય જોવા મળે છે. દા.ત., વયજૂથ, લિંગપ્રમાણ, ગ્રામીણ–શહેરી પ્રમાણ, સાક્ષરતા, ધાર્મિક જૂથો, ભાષાકીય જૂથો, વિવિધ જ્ઞાતિસમૂહો, જન્મપ્રમાણ, મૃત્યુપ્રમાણ, સ્થળાંતરિત લોકોનું પ્રમાણ વગેરે.

વસ્તીના વૈવિધ્ય પરથી જે–તે સમાજની આર્થિક સુખાકારીની વિગતો જાણી શકાય છે. વળી, આયોજન અને વિકાસમાં વસ્તીવિષયક આંકડાઓ આવશ્યક બની રહે છે.

સ્થાનિકથી શરૂ કરીને વૈશ્વિક કક્ષા સુધીના પ્રત્યેક ક્ષેત્રમાં વસ્તીનું વૈવિધ્ય જોવા મળે છે. આપણે અહીં તેમાંના કેટલાક મુદ્દાઓને ભારત અને ગુજરાતના સંદર્ભમાં સમજવાનો પ્રયત્ન કરીએ :

**ધાર્મિક વૈવિધ્ય :**

વિદ્યાર્થીમિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ભારત વિવિધતાથી ભરેલો દેશ છે. આ વિવિધતામાં ધાર્મિક વૈવિધ્ય પણ જોવા મળે છે. જગતના મુખ્ય ધર્મોના નાગરિકો ભારતમાં વસવાટ કરે છે. દરેક ધર્મ પોતાની આચારસંહિતા ધરાવે છે તેમજ ધર્મસ્થાનો, ધર્મગ્રંથો, ધાર્મિક તહેવારો - વ્રતોના આધારે પોતાની જીવનશૈલી રચે છે.

ભારતના બધા ધર્મોમાં બંધુતાની ભાવનાનો સંદેશ રહેલો છે. ધાર્મિક વૈવિધ્યના કારણે સૌ ભારતીયો પ્રત્યેક ધર્મના વાર-તહેવારોમાં ભાગ લઈને ઐક્યની ભાવના પ્રસારિત કરે છે.

ભારત અને ગુજરાતમાં જુદા જુદા ધર્મ પાળતા લોકોની ટકાવારી જોઈએ :

**ભારત અને ગુજરાતમાં જુદા જુદા ધર્મ પાળતા લોકોનું પ્રમાણ (ટકા) : 2011**

| ક્રમ | ધર્મ | પ્રમાણ | |
|---|---|---|---|
| | | ભારત | ગુજરાત |
| **1.** | હિન્દુ | 79.80 | 88.57 |
| **2.** | ઈસ્લામ | 14.23 | 9.67 |
| **3.** | ખ્રિસ્તી | 2.30 | 0.52 |
| **4.** | શીખ | 1.72 | 0.10 |
| **5.** | બૌદ્ધ | 0.70 | 0.05 |
| **6.** | જૈન | 0.37 | 0.96 |
| **7.** | કોઇ ધર્મ નથી | 0.24 (નગણ્ય) | 0.10 |
| **8.** | અન્ય | 0.66 | 0.03 |

**(સંદર્ભ : વસ્તી ગણતરી - ભારત સરકાર, 2011)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી કહી શકીએ કે, ભારતમાં હિન્દુઓની વસ્તી સૌથી વધારે છે. આથી તેને બહુમતી સમુદાય પણ કહે છે. જ્યારે લઘુમતી સમુદાયો પૈકી ઈસ્લામ ધર્મના લોકોની સંખ્યા વધારે છે. 'કોઇ ધર્મ નથી'માં એવા લોકોનો સમાવેશ થાય છે, જે કોઇ ધર્મમાં માનતા નથી.

ગુજરાતના આંકડા તરફ દૃષ્ટિ કરીએ તો તેમાં પણ લગભગ ભારતના ધાર્મિક આંકડા જેવી જ સ્થિતિ જોવા મળે છે. હિન્દુઓની વસ્તી સૌથી વધારે અને લઘુમતી સમુદાયો પૈકી મુસ્લિમોની વસ્તી સૌથી વધુ જોવા મળે છે.

વિદ્યાર્થીમિત્રો, શૈક્ષણિક વર્ષ દરમિયાન તમે બધા ધર્મ આધારિત જે જાહેર રજાઓ માણો છો એ જ ધાર્મિક ઐક્ય દર્શાવે છે.

**સ્ત્રી-પુરુષ પ્રમાણનું વૈવિધ્ય :**

હવે આપણે વસ્તીના વૈવિધ્યને સમજવા માટે સ્ત્રી-પુરુષના પ્રમાણ અંગે ચર્ચા કરીએ. કોઈ પણ સમાજના કદને સમજવા માટે સ્ત્રી-પુરુષ પ્રમાણની સમજ મેળવવી આવશ્યક છે. સમાજના અભિન્ન અંગ સમાન સ્ત્રી-પુરુષની વસ્તીવિષયક માહિતી જે-તે સમાજની સમતુલિત વસ્તીનો નિર્દેશ કરે છે. અર્થાત્ કોઈ પણ દેશમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ સપ્રમાણ હોવું જરૂરી છે. આ પ્રમાણમાં અસમતુલા ઊભી થાય તો તેનાથી વસ્તીને લગતા ઘણા પ્રશ્નો સર્જાઈ શકે છે.

ભારત જેવા વિકાસશીલ દેશ તેમજ ગુજરાત જેવા ગતિશીલ રાજ્યમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ જોઈએ :

**ભારત અને ગુજરાતની વસ્તીમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ - 2011**

| દેશ/રાજ્ય | કુલ વસ્તી સંખ્યા (ટકા) | પુરુષો | સ્ત્રીઓ |
|---|---|---|---|
| ભારત | 121,08,54,977 (100%) | 62,37,24,248 (51.51%) | 58,64,69,174 (48.49%) |
| ગુજરાત | 6,04,39,692 (100%) | 3,14,91,260 (52.10%) | 2,89,48,432 (47.90%) |

**(સંદર્ભ : વસ્તી ગણતરી - ભારત સરકાર, 2011)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી કહી શકાય કે ભારત અતિવસ્તી ધરાવતો દેશ છે. જેમાં સ્ત્રી-પુરુષના પ્રમાણમાં અસમાનતા જોવા મળે છે. પુરુષોની તુલનામાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે.

ગુજરાતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણમાં રાષ્ટ્રીય પ્રમાણની જેમ તફાવત જોવા મળે છે.

વિદ્યાર્થીમિત્રો, આપ જાણો છો તે મુજબ દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા કેટલી છે તેના પરથી લિંગપ્રમાણ (Sex Ratio) જાણી શકાય છે. ભારતમાં જુદાં જુદાં રાજ્યોમાં જોવા મળતું લિંગપ્રમાણ પરિશિષ્ટ-1માં દર્શાવવામાં આવ્યું છે.

પરિશિષ્ટ-1માં દર્શાવ્યા અનુસાર 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં સરેરાશ લિંગપ્રમાણ 940 છે. સૌથી વધુ લિંગપ્રમાણ કેરાલા રાજ્યમાં 1084 છે. સૌથી ઓછું લિંગપ્રમાણ દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશમાં 618 છે. ગુજરાતમાં એનો દર 918 છે.

ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય ઉત્તરપ્રદેશ છે. જેમાં દેશની કુલ વસ્તીના 16.49 ટકા લોકો વસવાટ કરે છે. જ્યારે સૌથી ઓછી વસ્તી ધરાવતું રાજ્ય ઉત્તરાખંડ છે. જેમાં દેશની કુલ વસ્તીના 0.84 ટકા લોકો વસવાટ કરે છે.

**સાંસ્કૃતિક વૈવિધ્ય :**

વિશ્વમાં સમન્વય અને સાતત્યનું ઉત્તમ ઉદાહરણ એટલે ભારતીય સંસ્કૃતિ. ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો મોહેન્જો-દડો અને હડપ્પાની સંસ્કૃતિથી શરૂ કરીને પ્રવર્તમાન સમય સુધી ભારતીય સમાજ સાંસ્કૃતિક વૈવિધ્યથી સભર રહ્યો છે. વેદકાલીન, ઉત્તરવેદકાલીન, મધ્યયુગ, બ્રિટિશ હકૂમત અને સ્વતંત્રતાના પ્રત્યેક તબક્કે વિવિધ પ્રકારની સાંસ્કૃતિક ગતિવિધિઓથી આ દેશ ધમધમતો રહ્યો છે. વિવિધ તબક્કાના શાસકોના શોખ, વેપાર કે વહીવટ માટે સ્થળાંતરિત થઈને આવેલા વિવિધ સમુદાયોની જીવનશૈલીને લીધે ભારતમાં પરંપરાથી આધુનિક સમય સુધી ભાતીગળ સંસ્કૃતિ હંમેશાં અંકુરિત થઈ છે.

ભારતમાં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ અર્થાત્ કશ્મીરથી કન્યાકુમારી અને કોલકતાથી કચ્છ, સમગ્ર ભારતની સરહદોને આવરી લેતા એવા વિશાળ ક્ષેત્રફળમાં પ્રાદેશિકતાને આધારે સાંસ્કૃતિક વૈવિધ્ય નજરે પડે છે. પ્રદેશાનુસારની સંસ્કૃતિ પોતાની આગવી ભાત પાડે છે. સાથે અન્ય સંસ્કૃતિમાં સહભાગીદાર થવા પ્રયત્ન કરે છે. આથી સાંસ્કૃતિક ઐક્ય મજબૂત બને છે. ભારતીય સમાજની સાંસ્કૃતિક વિવિધતા દેશ-વિદેશમાં જાણીતી છે.

સમગ્ર ભારતના સાંસ્કૃતિક વૈવિધ્યને ઉત્સવો, ખોરાક, પોશાક, જીવનનિર્વાહની રીતો, ભાષા વગેરે અનેક સ્વરૂપે જોઈ શકાય છે જે નીચે મુજબ છે :

**ઉત્સવો :** સમગ્ર ભારતનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રત્યેક પ્રદેશના તહેવારો અને ઉત્સવો ખૂબ જ ઉત્સાહથી ઊજવાય છે. દિવાળી, હોળી, દશેરા, ઈદ-ઉલ્-ફિત્ર, ક્રિસમસ, નવરોઝ (પતેતી), ગુરપર્બ વગેરે ધાર્મિક તહેવારો ઉપરાંત ખેતીની ફસલને વધાવતા ઉત્સવો જેવા કે અસમનો બિહુ, તમિલનાડુનો પોંગલ, કેરાલાનો ઓણમ, ઉત્તર ભારતનો બૈશાખી વગેરેમાં લોકો ઉત્સાહથી સામેલ થાય છે. બુદ્ધપૂર્ણિમા કે મહાવીર જયંતીની ઉજવણી પણ ઉત્સાહથી કરવામાં આવે છે.

**ભાષા :** મિત્રો, ભારતમાં ભાષા તેમજ બોલીમાં તો વૈવિધ્ય છે જ એ તમે ક્યાં નથી જાણતાં ? આપણે સૌ જાણીએ છીએ કે ભારતમાં 22 ભાષાઓ બંધારણીય દરજ્જો ધરાવે છે. જેમાં અસમી, બંગાળી, બોડો, ડોગરી, ગુજરાતી, હિન્દી, કન્નડ, કશ્મીરી, કોંકણી, મૈથિલી, મલયાલમ, મણિપુરી, મરાઠી, નેપાળી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, સંથાલી, સિંધી, તમિલ, તેલુગુ, ઉર્દૂ વગેરે ભાષાનો સમાવેશ થાય છે.

ભાષા સંસ્કૃતિને ટકાવે છે સાથે ભાષાકીય વૈવિધ્ય એ ભારતની આગવી ઓળખ છે. વિદ્યાર્થીમિત્રો, તમે એ પણ જાણતા હશો કે જુદી જુદી ભાષાઓ સાથે બોલીઓ પણ છે, કહેવાય છે ને કે 'બાર ગાઉએ બોલી બદલાય'.

**પોશાક :** ભારતીય પોશાકોમાં વિવિધતા જોવા મળે છે. પોશાકથી પ્રાદેશિક ઓળખ ઊભી થાય છે. દા.ત., પંજાબનું પંજાબી કે ગુજરાતની ગુજરાતી સાડીની ઢબ પ્રદેશનો પરિચય આપે છે. એ જ રીતે ધર્મ આધારિત પોશાક પણ સાંસ્કૃતિક વૈવિધ્યમાં વધારો કરે છે. દા.ત., બુરખા, રિદા, પાઘડી વગેરે.

**ખોરાક :** પ્રદેશ અનુસારના અનાજના ઉત્પાદનની અસર ખોરાક પર પડે તે સ્વાભાવિક છે. દરિયાઈપટ્ટી પર ચોખા અને માછલી સરળતાથી પ્રાપ્ત થાય માટે સમુદ્રકાંઠાના વિસ્તારોમાં ભાત અને માછલી મુખ્ય ખોરાક બને. વળી, પ્રાદેશિક ખોરાક વૈવિધ્ય સર્જે છે. દા.ત., પંજાબી, ગુજરાતી, સાઉથ ઈન્ડિયન ફૂડ વગેરે. ધાર્મિક વિચારધારા પણ ખોરાકમાં વૈવિધ્ય લાવે છે જેમ કે જૈન ભાજીપાઉં, સ્વામિનારાયણ થાળી. હવે તો પ્રાદેશિક ખોરાકે વૈશ્વિક ઓળખ ઊભી કરી છે તેમ કહી શકાય.

**જીવનનિર્વાહની રીતો :** અર્થોપાર્જન દ્વારા માનવી પોતાની તેમજ કૌટુંબિક જરૂરિયાતોને પરિપૂર્ણ કરે છે. જીવનનિર્વાહની અનેક રીતો છે. વ્યક્તિ પોતાના કૌશલ્ય અનુસાર રોજીરોટી રળવા પ્રયત્નશીલ રહે છે. રોજગારલક્ષી કૌશલ્યને લીધે માનવી એક સ્થળેથી બીજે સ્થળે સ્થળાંતરિત થાય છે. આ સ્થળાંતર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્કૃતિનું એક સ્થળેથી બીજે સ્થળે વહન કરીને સાંસ્કૃતિક વૈવિધ્યમાં વધારો કરે છે. સાથોસાથ રાષ્ટ્રીય ઐક્યની ભાવનાની પણ જાળવણી કરે છે.

આમ, ભૌગોલિક તેમજ સામાજિક રીતે થતું સાંસ્કૃતિક હસ્તાંતરણ વસ્તીને અસર કરે છે, તો તેનાથી વિપરીત વસ્તી વિષયક માહિતી ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરીને જે-તે પ્રદેશના વૈવિધ્યની સવિશેષ માહિતી એકત્રિત કરવા પ્રેરે છે.

ગુજરાતના ગરબા કે પતંગોત્સવ સ્થાનિકથી વૈશ્વિક ફલક પર સાંસ્કૃતિક વૈવિધ્યનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે.

**વંચિતસમૂહોનું વૈવિધ્ય :** સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, બિનસાંપ્રદાયિકતાનાં મૂલ્યોથી પ્રેરિત બંધારણે સમાજના પ્રત્યેક નાગરિકને મૂળભૂત અધિકારો આપ્યા. સાથોસાથ સમાજના વંચિતસમૂહો માટે વિશેષ જોગવાઈ કરીને તેમના ઉત્કર્ષ માટે પ્રયત્નો કર્યા.

આ વંચિતસમૂહો મુખ્યત્વે ત્રણ કેટેગરીમાં સમાવિષ્ટ છે :

**(1)** અનુસૂચિત જાતિ (SC - Schedule Castes)

**(2)** અનુસૂચિત જનજાતિ (ST - Schedule Tribes)

**(3)** અન્ય પછાતવર્ગો (OBC - Other Backward Classes)

વિદ્યાર્થીમિત્રો, આદિવાસીઓને અનેકવિધ નામથી ઓળખવામાં આવે છે પણ તેમનો બંધારણીય રીતે અનુસૂચિત જનજાતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. એકમ-2, એકમ-3 માં આપણે આદિવાસીઓ વિશે વિગતવાર માહિતી મેળવીશું. અહીં આપણે તેમની વસ્તી વિષયક માહિતી મેળવીશું.

**ભારતમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ :**

ભારતમાં 1951 અને 2011માં આદિવાસીનું પ્રમાણ નીચે મુજબ નોંધાયું છે.

**ભારતમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ**

| વર્ષ | આદિવાસીઓની જનસંખ્યા | કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના ટકા |
|---|---|---|
| 1951 | 1,91,47,054 | 2.26 |
| 2011 | 10,42,81,034 | 8.60 |

**(સંદર્ભ : વસ્તી ગણતરી અહેવાલ - 1951, 2011)**

ઉપર્યુક્ત કોષ્ટક પરથી જણાય છે કે 1951માં આદિવાસીઓની વસ્તી 2.26% હતી તે 2011માં વધીને 8.60% થઈ છે.

**ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી :**

ભારતના મોટાભાગના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછા-વત્તા પ્રમાણમાં અનુસૂચિત જનજાતિની વસ્તી જોવા મળે છે. દરેક રાજ્યમાં અનુસૂચિત જનજાતિની વસ્તી પરિશિષ્ટ-2માં જોઈ શકાય છે.

ભારતમાં રાજ્યવાર અનુસૂચિત જનજાતિની વસ્તી (2011)ને જોતાં, સૌથી વધુ અનુસૂચિત જનજાતિની વસ્તી કેન્દ્રશાસિત પ્રદેશ મિઝોરમમાં (94.97%) જોવા મળે છે. જ્યારે સૌથી ઓછી અનુસૂચિત જનજાતિની વસ્તી ઉત્તરપ્રદેશ રાજ્યમાં (0.57%) જોવા મળે છે.

ભારતમાં નાગાલૅન્ડ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, દાદરાનગર હવેલી તથા લક્ષદ્વીપમાં મોટાભાગની આદિવાસી વસ્તી વસવાટ કરે છે.

**ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસ્તી :**

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસ્તી દરેક જિલ્લામાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે, જે પરિશિષ્ટ-3માં જોઈ શકાય છે.


ગુજરાતમાં જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી (2011)ને જોતાં, સૌથી વધુ અનુસૂચિત જનજાતિની વસ્તી ધરાવતો જિલ્લો ડાંગ (94.65%) છે. જ્યારે સૌથી ઓછી વસ્તી ધરાવતો જિલ્લો ભાવનગર (0.32%) છે.

ગુજરાતમાં લગભગ પ્રત્યેક જિલ્લામાં અનુસૂચિત જનજાતિ, ઓછા-વત્તા અંશે વસવાટ કરે છે; પરંતુ રાજ્યની પૂર્વપટ્ટીમાં મોટાભાગની વસ્તી વસવાટ કરતી જોવા મળે છે.

**રાષ્ટ્રીય એકતા**

વિદ્યાર્થીમિત્રો, ભારત ભાષા, ધર્મ, પોશાક, જીવનનિર્વાહ, લિંગપ્રમાણ વગેરેથી વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે તે આપણે જોયું, હવે આપણે રાષ્ટ્રીય એકતા વિશે માહિતી મેળવીશું.

ભારત અનેક વિવિધતાથી ભરેલો ઉપખંડ છે. અહીં સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક, ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક વગેરે પાસાંઓમાં અનેકવિધતા જોવા મળે છે. આ વિભિન્ન ઉપજૂથો વચ્ચે પારસ્પરિક, સહકારભર્યા તથા સુમેળભર્યા સંબંધ હોય તે જરૂરી નહિ પરંતુ અનિવાર્ય છે. ભારતીય સમુદાયના નાગરિકો પરસ્પર એકબીજાને તેમજ સમગ્ર રાષ્ટ્ર પ્રત્યે વફાદાર હોય તે અનિવાર્ય છે. બધા ભારતીયો રાષ્ટ્રનાં ધ્યેયોને પોતાનાં અંગત ધ્યેયો ગણેતે રાષ્ટ્રીય એકતા માટે મહત્ત્વનું છે. ભારતીય સમુદાયના વિકાસ કે પ્રગતિમાં હાલ કોમવાદ, આતંકવાદ, જ્ઞાતિવાદ, નક્સલવાદ, પ્રદેશવાદ, ભાષાવાદ, અલગતાવાદ જેવી અનેક સમસ્યાઓ પડકારરૂપ છે. આ સમસ્યાઓને હલ કરીને રાષ્ટ્રીય એકતા પ્રસ્થાપિત કરવી આવશ્યક છે. આ રાષ્ટ્રીય એકતાનો અર્થ અને તેનાં સહાયક પરિબળો સમજીશું.



**રાષ્ટ્રીય એકતા**

**રાષ્ટ્રીય એકતાની વ્યાખ્યા**

ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ રાષ્ટ્રીય સંમેલનમાં રાષ્ટ્રીય એકતા માટે જણાવ્યું હતું કે, ''રાષ્ટ્રીય એકતા એક મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયા છે. જેના દ્વારા બધાં લોકોનાં દિલમાં એકતાની ભાવના, સમાન નાગરિકતાનો અનુભવ અને રાષ્ટ્ર પ્રત્યે નિષ્ઠા અને પ્રેમની ભાવના વિકસિત કરી શકાય.''

**જી. એસ. ઘૂર્યે** રાષ્ટ્રીય એકતાને એક મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયાના રૂપમાં સમજાવતાં લખે છે કે, ''રાષ્ટ્રના લોકોમાં એકતા, દૃઢતા, સંબંધતાની ભાવના સામેલ છે. જેમાં લોકોનાં હૃદયમાં સામાન્ય નાગરિકની ધારણા તથા વફાદારીની ધારણા અને ભાવના જોડાયેલ છે.''

વિનોબા ભાવેના મતે, ''રાષ્ટ્રીય એકતા એ ભાવાત્મક એકતા, ભાઈચારો અને રાષ્ટ્ર પ્રેમની દૃઢ ભાવનાઓ છે, જે એક દેશના બધા નિવાસીઓને પોતાની વ્યક્તિગત, પ્રાદેશિક, ધાર્મિક અને ભાષાકીય વિભિન્નતાઓને ભૂલવામાં સહાયતા કરે છે.''

**રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળો**

રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળો નીચે પ્રમાણે છે :

**(1) ભૌગોલિક પરિબળ :**

ભારતમાં ભૂ-રાજકીય એકતાનું દર્શન અને સભાનતા ભારતના ઋષિમુનિઓ અને રાજ્યકર્તાઓ ધરાવતા હતા. સંસ્કૃત સાહિત્યમાં, ઋગ્વેદમાં ભારતની ભૌગોલિક રાજકીય એકતાની સભાનતા અભિવ્યક્ત થાય છે. ભારતવર્ષ, ચક્રવર્તી, એકાધિપતિ જેવાં નામ ભૌગોલિક એકતાનો આદર્શ વ્યક્ત કરે છે. ભારતભરમાં મંદિરો, પવિત્ર નદીઓ અને પહાડો પથરાયેલા છે. તેનાં દર્શન અને સ્નાનનો મહિમા બની રહ્યો, તેથી આ બધાં સ્થળોએ યાત્રાધામોનો વિકાસ થયો. ધર્મસ્થળોની યાત્રાની સંસ્કૃતિ, રમણીય અને હવાખાવાનાં સ્થળો જે હંમેશાં ભારતના લોકોને ભારતભરના વિવિધ પ્રદેશોમાં પરિભ્રમણ પર્યટન કરવાને માટે પ્રોત્સાહિત કરે છે. તેનાથી ભૌગોલિક રાજકીય એકતા દૃઢીભૂત થાય છે. લોકો માતૃભૂમિ પ્રત્યે પ્રેમ કે દેશભક્તિ અભિવ્યક્ત કરે છે. ભૌગોલિક દૃષ્ટિથી ભારતની સીમાઓ ઉત્તરમાં કશ્મીર અને હિમાલયથી લઈને દક્ષિણમાં કન્યાકુમારી, પૂર્વમાં અસમ–મણિપુરથી લઈને પશ્ચિમમાં ગુજરાત સુધી ફેલાયેલ છે. સમગ્ર ભારત 32,87,263 લાખ ચોરસ કિ.મી.ના વિશાળ વિસ્તારમાં ફેલાયેલ છે. આ વિશાળ ભૂભાગમાં કુલ 1.21 કરોડની વસ્તી ધરાવતો જનસમૂહ આ દેશમાં વસવાટ કરે છે. મેદાની વિસ્તાર, પહાડો, નદીઓ,

સમુદ્ર, જંગલ અને રણ જેવી ભૌગોલિક વિશિષ્ટતાઓ ધરાવતો આપણો દેશ ભારત છે.

ઐતિહાસિક રીતે નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાયેલો ભારત એક દેશ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. ભૌગોલિક વિવિધતાએ લોકોમાં જુદી-જુદી પરિસ્થિતિઓમાં સાનુકૂળ થવાનું અને પરસ્પર મૈત્રીભાવ રાખી એક્તા સ્થાપિત કરવાનું શીખવ્યું છે. દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડું કે પછી ધરતીકંપ જેવી કુદરતી આફતોમાં વિવિધ પ્રદેશો, વિવિધ જ્ઞાતિ, વિવિધ ભાષા, વિવિધ ધર્મના લોકો પરસ્પર મદદ અને ફંડ આપી વિવિધતામાં એકતાનાં દર્શન કરાવે છે.

**(2) ભારતનું બંધારણ :**

આટલા બધા વૈવિધ્યભર્યા દેશમાં રાષ્ટ્રીય એકતા સર્જવામાં કોઈ પાયાનું પરિબળ હોય તો તે ભારતનું બંધારણ છે. ભારત એ વિવિધ રાજ્યોનો સંઘ છે. આ સંઘ રાજ્યોને જોડતો કોઈ લેખિત દસ્તાવેજ હોય તો તે બંધારણ છે. ભારતના બંધારણના આમુખમાં ભારત એ સાર્વભૌમ, સમાજવાદી, બિનસંપ્રદાયિક, લોકતાંત્રિક અને પ્રજાસત્તાક રાજ્ય છે અને ન્યાય, સ્વાતંત્ર્ય અને સમાનતા તેના પાયા છે. ભારતના બંધારણમાં સમાનતાના અધિકારમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થળના કારણોસરના ભેદભાવો ઉપર કાયદા દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. ભારતનું બંધારણ બધા જ નાગરિકને વ્યક્તિ ગૌરવની તથા રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ખાતરી આપીને તેમનામાં ભ્રાતૃભાવ દૃઢ બનાવે છે. ભારતનું બંધારણ ભારતને ધર્મ-નિરપેક્ષ રાજ્ય તરીકે સ્વીકારે છે. એટલે કે ભારત રાજયનો કોઈ ધર્મ નથી. બધાજ ધર્મો માટે સમાન આદર અને રક્ષણ મળે છે. બધાજ નાગરિકોને મુક્તપણે ધર્મ માનવા તથા પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર બંધારણે આપ્યો છે. ભારતમાં કોઈ પણ સ્થળે વસવાટ કરતા અને પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કૃતિ ધરાવતાં લઘુમતી જૂથોને આ બધાંનું જતન કરવાનો અને જાળવવાનો અધિકાર બંધારણે આપ્યો છે. આ બધા અધિકારો રાષ્ટ્રીય એકતાનાં ઘડતરમાં પ્રાથમિક ભૂમિકા ભજવે છે.

**(3) નાગરિક ફરજો :**

ભારતના નાગરિકોની ફરજોમાં પણ રાષ્ટ્રીય એકતા નિર્દેશિત થાય છે. જેવી કે,

- રાષ્ટ્રને વફાદાર રહેવું અને તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
- આઝાદી માટેની લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં સન્માનિત કરી તેને અનુસરવું.
- ભારતનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સંવર્ધન કરીને તેનું રક્ષણ કરવું.
- દેશનું રક્ષણ કરવામાં યોગદાન આપવું અને રાષ્ટ્રીય સેવા બજાવવી.
- ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક તફાવતોથી પર રહેવું.
- ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી.
- સ્ત્રીઓના ગૌરવને સન્માનિત કરે તેવા વ્યવહારો કરવા.

આ નાગરિક ફરજો રાષ્ટ્રીય એકતા સર્જવામાં પાયાની ભૂમિકા બજાવે છે.

**(4) કાયદાઓ :**

ભારતીય ફોજદારી કાયદાઓ જેવા કે જ્ઞાતિ, કોમ કે વર્ગ સંઘર્ષના પ્રોત્સાહનને અટકાવતા કાયદા, રાષ્ટ્રીય એકતા માટે વિઘાતક આક્ષેપો કરી રાજદ્રોહ અટકાવતા કાયદા, અસ્પૃશ્યતા નિવારણ, ચૂંટણી આચારસંહિતાના કાયદાઓનું પાલન અને ઉલ્લંઘન બદલ સજા પણ રાષ્ટ્રીય એકતા જાળવવામાં મદદરૂપ થાય છે.

**(5) લોકશાહી પ્રણાલી :**

ભારતની લોકશાહી શાસનપ્રણાલી રાષ્ટ્રીય એકતા માટે સહાયક પરિબળ છે. ભારતની લોકશાહી પ્રણાલી જાળવવા  સંસદ, વિધાનસભા જેવાં ગૃહોની ચૂંટણીઓ તેમજ સ્થાનિક સ્વરાજ પંચાયત અને નગરનિગમોની ચૂંટણીઓ યોજાય છે. આ ચૂંટણીઓમાં દેશના 18 વર્ષથી ઉપરના કોઈ પણ નાગરિકને મતદાનનો અધિકાર મળેલ છે. આ રીતે સમાન મળેલ મતદાન અધિકાર એ રાષ્ટ્રીય એકતા માટે અતિ આવશ્યક પરિબળ છે. આ અધિકાર વ્યક્તિના કોમ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે પ્રદેશથી પર રહીને મળે છે. એટલે વ્યક્તિ સમાન નાગરિકત્વનો અનુભવ કરી શકે છે. સાથે કોઈ પણ ચૂંટણી માટે પોતાની ઉમેદવારી નોંધાવવાનો પણ અધિકાર ધરાવે છે એટલે કે કોઈ પણ રાષ્ટ્રીય પક્ષ કે અપક્ષ દ્વારા કોઈ પણ ક્ષેત્રનું નેતૃત્વ પણ કરી શકે છે. આ રાષ્ટ્રીયપક્ષો પણ પોતાના પક્ષમાં નેતા, કાર્યકરો

કે મતદાતાઓને આકર્ષવાનો પ્રયાસ કરે છે. આ રાષ્ટ્રીય પક્ષોની વિચારધારામાં તફાવત હોય પણ તેમનું અંતિમ ધ્યેય કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પ્રદેશના મતદાતાને આકર્ષવાનું છે. આથી આ રાષ્ટ્રીય પક્ષો એક પ્રકારની રાષ્ટ્રીય એકતા લાવવા માટે પ્રેરકબળ પૂરું પાડે છે. આમ, દેશની સંસદ, વિધાનસભા કે સ્થાનિક સ્વરાજની સંસ્થાની લોકશાહી પ્રણાલી રાષ્ટ્રીય એકતા સર્જવામાં મહત્ત્વનું પરિબળ છે.

**(6) રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન :**

પ્રજાસતાક દિન, સ્વાતંત્ર્ય દિન જેવા રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે પ્રસ્તુત થતા સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભારતની વિવિધ સેના પરેડમાં અદ્‌ભુત રાષ્ટ્રીય એકતાનાં દર્શન થાય છે. ભારતીય ફિલ્મ ઉદ્યોગ, રાષ્ટ્રીય ફિલ્મ સમારોહ, રાષ્ટ્રીય સ્મારકો કે ઉદ્યાનોમાં રાષ્ટ્રીય એકતા પ્રતિબિંબિત થાય છે. શાળા કે કૉલેજ કક્ષાએ ચાલતી સ્કાઉટ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS) કે નેશનલ કેડેટ કોર (NCC)જેવી પ્રવૃત્તિઓની વિવિધ શિબિરો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય એકતાના સંદેશા આપે છે. તેવી રીતે ભારતરત્ન, પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ જેવા નાગરિક એવૉર્ડ, રાજીવ ગાંધી ખેલરત્ન, દ્રોણાચાર્ય, અર્જુન, ધ્યાનચંદ જેવા રમતગમત એવૉર્ડ, પરમવીરચક્ર, મહાવીરચક્ર, વીરચક્ર, અશોકચક્ર, કીર્તિચક્ર, શૌર્યચક્ર જેવા ભારતીય સેનાના એવૉર્ડ, બહાદુરી, સાહિત્યિક વગેરે વિવિધ સર્વોચ્ચ એવૉર્ડ પણ દેશની સેવા બદલ આપવામાં આવે છે. કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ જેવા કે કલાકાર, વૈજ્ઞાનિકો, સૈનિકો, શિક્ષકો કે સમાજસેવક વગેરેને બિરદાવીને લોકોમાં રાષ્ટ્રીય ચેતના ઊભી કરવામાં આવે છે.

**(7) રમતગમતની પ્રવૃતિઓ :**

ભારત કે ભારત બહાર રમાતી વિવિધ રમતો જેવી કે ક્રિકેટ, હોકી, વૉલીબૉલ, ટેનિસ, બેડમિન્ટન, કબડ્ડી વગેરેમાં સમગ્ર ભારતમાંથી પ્રતિનિધિત્વ કરે ત્યારે ખેલાડી ભાષા, પ્રદેશ કે કોમથી પર રહીને એક ભારતીય તરીકે પ્રતિનિધિત્વ કરે છે. તેવી જ રીતે રાષ્ટ્રીય ખેલ મહોત્સવ, આંતરરાજ્ય કે આંતરયુનિવર્સિટી ખેલકૂદ કે વિવિધ ટીમરમતો, ખેલ મહાકુંભમાં, વિવિધ રમતોમાં પણ એક ભારતીય હોવાની અને ખેલદિલીની ભાવનાથી રમાય છે. ભારતમાં ક્રિકેટ રમતની ભારે ઘેલછા છે. તેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજય થાય ત્યારે સમગ્ર ભારત વિજયની ખુશી મનાવે છે. આમ, વિવિધ રમતગમતો રાષ્ટ્રીય એકતા માટે સહાયક પરિબળ છે.

**(8) સમૂહ સંચારનાં માધ્યમો :**

સમૂહ સંચારનાં સાધનો જેવાં કે વર્તમાનપત્રો, રેડિયો, ટેલિવિઝન, કમ્પ્યૂટર, સેલફોન વગેરે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે. ટેલિવિઝન કોમી એકતા, સર્વધર્મસમભાવ, દેશભક્તિ વગેરેને લક્ષમાં લઈને ધારાવાહિક, ફિલ્મો, સમૂહગાન, સમૂહનૃત્ય વગેરે કાર્યક્રમો તથા સ્વાતંત્ર્ય દિન, ગણતંત્ર દિનની ઉજવણીના વિવિધ કાર્યક્રમો વગેરે દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ પ્રેરક બની રહે છે. આતંકવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ, ભાષાવાદ, પ્રદેશવાદ કે નક્સલવાદ જેવી સમસ્યાઓ ને ધારાવાહિક, ફિલ્મ કે સમાચાર જેવા કાર્યક્રમમાં વણી લઈને દેશના નાગરિકોને સાચી સમજણ આપે છે. દેશના નાગરિકોનું મનોવલણ રાષ્ટ્રપ્રેમ તરફી ઘડે છે. આમ, સંચાર માધ્યમોમાં પ્રકાશિત અને પ્રસારિત થતા કાર્યક્રમો નાગરિકમાં સભાનતા ઊભી કરે છે, જે સભાનતા પરોક્ષ રીતે રાષ્ટ્રીય એકતા સર્જવામાં ઉપયોગી બને છે.

**(9) વાહનવ્યવહારનાં સાધનો :**

ભારત ભૌગોલિક-સાંસ્કૃતિક વિવિધતા ધરાવતો દેશ છે; પરંતુ વાહનવ્યવહારનાં સાધનોએ આ બધાને જોડવામાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સાધનોને લીધે પ્રાદેશિક વૈવિધ્ય ધરાવતા લોકો વચ્ચેનું આદાન-પ્રદાન શક્ય બન્યું છે. તેનાથી એકજ રાષ્ટ્રના નાગરિક હોવાની ભાવના દૃઢ બની છે. વિશ્વનું સૌથી મોટું રેલવે નેટવર્ક (1,15,000 કિમી) ભારતીય રેલ ધરાવે છે. દરરોજના 2.3 કરોડ લોકો મુસાફરી કરે છે, જે ભારતનાં બધાં રાજ્યો અને પ્રદેશોને જોડે છે. તેવી જ રીતે વિમાનસેવા દ્વારા પણ ભારતનાં મોટાં નગરો જોડાયા તેનાથી ઝડપી વાહનવ્યવહાર શક્ય બન્યો છે. વર્તમાન સમયમાં નોકરી, ધંધા, રોજગાર, શિક્ષણ તથા પ્રવાસ-પર્યટન માટે દેશના નાગરિકો વાહનવ્યવહારનાં સાધનો દ્વારા એકબીજાની નિકટ આવે છે અને પરોક્ષ રીતે રાષ્ટ્રીય એકતામાં ઉપયોગી બને છે.

**(10) પરસ્પરાવલંબન અને સંયોગીકરણ :**

આધુનિક ખેતી, ઉદ્યોગ, વ્યવસાયી સેવાઓ જેવી આર્થિક પ્રવૃત્તિઓમાં યંત્ર વિજ્ઞાનનો ઉપયોગ થતાં જ્ઞાતિગત

પરંપરાગત વ્યવસાયો તૂટતાં આંતરિક પરસ્પરાવલંબન અન્ય ગામ, શહેર, કે અન્ય પ્રદેશ સુધી વધી રહ્યું છે. સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક જેવાં પરિબળોને કારણે પોતાના ગામના સંયોગીકરણના બદલે સમગ્ર રાષ્ટ્રનાં શહેરો કે પ્રદેશો સાથે સંયોગીકરણ સાથેના તાલ મેળવવા પડે છે. તેનાથી અસ્પૃશ્યતા, જ્ઞાતિવાદ અને કોમવાદનાં બંધનો તૂટવા લાગ્યા. હાલ ઘણા વ્યવસાયો એવા છે જેમાં હિન્દુ-મુસ્લિમ કોમનું પરસ્પરાવલંબન જોવા મળે છે. તેનાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રીય એકતાની ભૂમિકા નિર્માણ થાય છે.

વિદ્યાર્થીમિત્રો, આ એકમમાં આપણે ભારતનું વસ્તી–વૈવિધ્ય અને રાષ્ટ્રીય એકતાની સમજ મેળવી. રાષ્ટ્રીય એકતાનાં સહાયક પરિબળોની માહિતી મેળવતા ભારતીય સંસ્કૃતિ વિશેની સમજ મેળવી.

વિવિધ સમુદાયોમાં જોવા મળતી એકતા અને અખંડિતતા ભારતીય રાષ્ટ્રની આગવી બાબત છે, તે સંદર્ભમાં હવે પછીના એકમમાં ભારતીય સંસ્કૃતિ અને સમુદાય વિશેની માહિતી મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) ભારતનું સાંસ્કૃતિક વૈવિધ્ય જણાવો.

(2) ભારતમાં ધાર્મિક વૈવિધ્યની ચર્ચા કરો.

(3) રાષ્ટ્રીય એકતાનો અર્થ સમજાવી, તેનાં સહાયક પરિબળોની ચર્ચા કરો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) ભારતમાં અને ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિત જનજાતિનું પ્રમાણ જણાવો.

(2) લોકશાહી પ્રણાલી, રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્રીય સન્માન કેવી રીતે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે તે સમજાવો.

(3) 'વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનો રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે' - સમજાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ભારતમાં કઈ કઈ વિવિધતા જોવા મળે છે ?

(2) ભારતમાં બોલાતી કોઈ પણ પાંચ ભાષાનાં નામ આપો.

(3) રાષ્ટ્રીય એકતાની વ્યાખ્યા આપો.

(4) ભારતના વિકાસમાં કઈ કઈ સમસ્યાઓ અવરોધક છે ?

(5) પ્રાચીનકાળમાં ભારતની ભૌગોલિક એકતા માટે કયાં નામો વપરાતાં હતાં ?

(6) ભારતના નાગરિક એવૉર્ડ કયા કયા છે ?

(7) ભારતમાં અપાતા રમતગમતના એવૉર્ડ કયા કયા છે ?

(8) ભારતમાં અપાતા ભારતીય સેનાના એવૉર્ડ કયા કયા છે ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં સ્ત્રી અને પુરુષનું પ્રમાણ જણાવો.

(2) 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની વસ્તી કેટલી છે ?

(3) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી વધુ લિંગપ્રમાણ કયા પ્રદેશમાં છે ?

(4) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી ઓછું લિંગપ્રમાણ કયા પ્રદેશમાં છે ?

(5) ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિત જનજાતિનું પ્રમાણ સૌથી વધુ કયા જિલ્લામાં છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) ભારતમાં સૌથી વધુ કયા ધર્મના લોકો વસવાટ કરે છે ? ☐

(અ) હિન્દુ (બ) મુસ્લિમ (ક) ખ્રિસ્તી (ડ) શીખ

(2) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી વધુ વસ્તી કયા રાજ્યમાં છે ? ☐

(અ) મધ્યપ્રદેશ (બ) હિમાચલ પ્રદેશ (ક) આંધ્રપ્રદેશ (ડ) ઉત્તરપ્રદેશ

(3) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સૌથી ઓછી વસ્તી ધરાવતું રાજ્ય કયું છે ?

(અ) છત્તીસગઢ (બ) ઉત્તરાખંડ (ક) કેરાલા (ડ) હિમાચલપ્રદેશ

(4) ભારતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ સરેરાશ લિંગપ્રમાણ કેટલું છે ?

(અ) 942 (બ) 939 (ક) 938 (ડ) 940

(5) ભારત દેશ કેટલા ચોરસ કિલોમીટર ભૌગોલિક ક્ષેત્રમાં ફેલાયલો છે ?

(અ) 32,87,263 ચોરસ કિમી (બ) 30,00,000 ચોરસ કિમી

(ક) 33,57,263 ચોરસ કિમી (ડ) 31,57,263 ચોરસ કિમી

(6) ભારતનું રેલવે નેટવર્ક કેટલા કિલોમીટર છે ?

(અ) 1,15,000 કિમી (બ) 2,15,000 કિમી

(ક) 3,15,000 કિમી (ડ) 3,25,000 કિમી

(7) વિશ્વમાં સૌથી મોટું રેલવે નેટવર્ક કયા દેશમાં છે ?

(અ) અમેરિકા (બ) ભારત

(ક) ચીન (ડ) ઑસ્ટ્રેલિયા

(8) ભારતનો સર્વોચ્ચ નાગરિક એવૉર્ડ કયો છે ?

(અ) ભારતરત્ન (બ) ખેલરત્ન

(ક) પદ્મશ્રી (ડ) પદ્મવિભૂષણ

**પ્રવૃત્તિ**

- તમારા વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ધાર્મિક રીતે વર્ગીકરણ કરો.
- ગુજરાતના નકશામાં જુદા જુદા જિલ્લામાં લિંગપ્રમાણ દર્શાવો.
- ભારતના નકશામાં સૌથી વધુ અને સૌથી ઓછી તેમજ ગુજરાતની વસ્તીનું પ્રમાણ દર્શાવો.
- ભારતમાં જુદા જુદા સમૂહોના ધાર્મિક ઉત્સવોના ચાર્ટ તૈયાર કરો.

●